# વિશ્વસાહિત્યનું અમર પાત્ર – યોબ

## ફાધર વર્ગીસ પોલ

યોબ બાઈબલમાં એ જ નામના ગ્રંથને કારણે અમર બનેલું પાત્ર છે. પરંતુ બાઈબલે યોબને એક ઐતિહાસિક પુરુષ તરીકે ચીતર્યા નથી. પણ યહૂદી લોકકથાઓ યોબના પાત્રને યહૂદી વડવાઓમાં એક ગણે છે. એક પ્રચલિત લોકકથા મુજબ યોજ એક ખૂબ ધાર્મિક અને નિષ્ઠાવાન યહૂદી વજવા હતા, તેઓ ઘણુંખરું મૃતસમુદ્રની દક્ષિણમાં આવેલી એડોન ભૂમિમાં રહેતા હતા. તેમને શારીરિક, માનસિક અને આર્થિક રીતે પુષ્કળ યાતનાઓ અને દુઃખો વેઠવાં પડયાં હતાં.

યોબ અંગેની આ લોકવાર્તાને લઈને કોઈ એક અલૌકિક બુદ્ધિપ્રતિભા ધરાવતા સર્જકે યોબ ના પાત્ર "દુઃખના મૂળમાં શું છે ?" એ પ્રશ્નના ઊંડાણમાં ઊતરવાનો પ્રયત્ન કર્યો છે. એમાં યોબ ગ્રંથના ગધ્યમાં લખાયેલી પ્રસ્તાવના અને ઉપસંહારને બાદ કરીએ તો બાકીનો મુખ્ય ભાગ ઉદાત્ત કોટિના પધ્યમાં લખાયો છે. આખા બાઈબલમાં નાટયાત્મક પધ્યમાં સર્જાયેલા આ એક જ ગ્રંથમાં મુખ્યત્વે પાત્ર યોબ અને એમના ત્રણ મિત્રો વચ્ચેનો સંવાદ અને ચર્ચા છે. અને સમગ્ર ગ્રંથની પરાકાષ્ઠામાં યોબ અને ખુદ ભગવાન વચ્ચે પ્રશ્નોત્તરરૂપે સંવાદ છે.

યોબનો પરિચય કરાવતાં બાઈબલ કહે છે. "એ નેક અને ઈમાનદાર હતો. એ ભગવાનથી ડરતો હતો અને પાપથી ભાગતો હતો. એને સાત દીકરા અને ત્રણ દીકરીઓ એમ દસ સંતાનો હતાં. મિલકતમાં એની પાસે સાત હજાર ઘેટાં, ત્રણ હજાર ઊંટ બળદ, પાંચસો ગધેડાં અને અનેક નોકરો હતાં આખાયે પૂર્વમાં યોબનો કોઈ હરીફ ન હતો."

વારેતહેવારે યોબ અને એમના સાત દીકરાઓ અને ત્રણ દીકરીઓ વારાફરતી દરેક દીકરાને ઘેર ભાગે મળીને ખાઈપીને મજા કરતાં. તહેવારને અંતે યોબ પોતાના બધા દીકરા દીકરીઓને ભેગાં કરી શુદ્ધિ માટે

ભેગાં થયાં હતાં. તે દિવસે એક કાસદે યોબને એક ભારે આપત્તિના સમાચાર આપ્યા કે ધાડપાડુઓ આક્રમણ કરીને એમન બધા બળદો અને ગધેડાને ઉપાડી ગયા છે.

એક દિવસ યોબના મોટા દીકરીને ઘેર ટાણાં તહેવાર ઊજવવા માટે યોબનાં બધાં સંતાનો ભેગાં થયાં હતાં. તે દિવસે એક કાસદે યોબને એક ભારે આપત્તિના સમાચાર આપ્યા કે ધાડપાડુઓ આક્રમણ કરીને એમના બધા બળદો અને ગધેડાને ઉપાડી ગયા છે.

એક કાસદ આમ કહી રહ્યો હતો ત્યાં એક બીજા કાસદે આવીને યોબને કહ્યું કે વીજળી તૂટી પડવાથી એમનાં બધાં ઘેટા અને ભરવાડો બળીને રાખ થઈ ગયાં છે. ત્યાં વળી એક ત્રીજા કાસદે યોબને માહિતી આપી કે ખાલદી લૂંટારાઓની ત્રણ ટોળકીઓ તૂટી પડીને એમનાં બધા ઊંટોને ઉપાડી ગઈ અને ઊંટના રખેવાળો ને રગદોળી નાખ્યા છે. હજી તો એ કાસદ બોલતો હતો ત્યાં એક ચોથા કસદે આવીને યોબને કહ્યું કે, તેમના સૌથી મોટા દીકરાને ત્યાં એમનાં બધાં સંતાનો ભોજન કરી રહ્યાં હતાં ત્યારે ઓચિંતા રણમાંથી આંધી આવવાને કારણે ઘર તૂટી પડયું અને એમાં એ કાસદ સિવાય બધા જ માણસો મરી ગયા છે.

ઓચિંતાની આવી પડેલી એકસામટી આપત્તિમાં થયેલી ખુવારીના ખબર મળતાં જ યોબે દુઃખમાં પોતાના વસ્ત્રો પાડી નાંખ્યા અને ભોંય પર પડીને પ્રાર્થના કરવા લાગ્યો , “હું ખાલી હાથે આવ્યો હતો, માતાના ગર્ભમાંથી જન્મ્યો ત્યારે અને જ્યાંથી આવ્યો ત્યાં પાછો જવાનો પણ ખાલી હાથે, ભગવાને આપ્યું અને ભગવાન પાછું લઈ લીધું. જે કંઈ ગુજાર્યું છે તે ભગવાનની ઈચ્છાથી ગુજાર્યું છે. ભગવાનનું ભલું થજો !”

પણ આ રીતે પોતાનું બધું જ ખોઈ બેસવા છતાં યોબ ઉપરની વિપત્તિઓનો અંત આવ્યો નહીં. યોબનું શરીર પગથી માથા સુધી ફદફદી ગયું. એના વણોથી તે પથારીવશ થઈ ગયો. યોબની આ દારુણ પરિસ્થિતિ જોઈને એની પત્નીએ કહ્યું, “તમે હજુ પણ ઈશ્વરને વળગી રહ્યો છો ?” તમે ઈશ્વર પર શાપ વરસાવો અને જીવનનો ત્યાગ કરો.

પરંતુ યોબની ઈશ્વરશ્રદ્ધા વિચલિત ન થઈ, તેણે પત્નીને કહ્યું. "તું બકવાસ કરે છે ઈશ્વર જ્યારે સુખ આપે છે ત્યારે આપણે એનો તરત સ્વીકાર કરીએ છીએ પછી એ જ્યારે દુઃખ આપે ત્યારે આપણે એનો કેવી રીતે અસ્વીકાર કરી શકીએ ?" અહીં યોબના પ્રતિભાવમાં એમની ઊંડી ઈશ્વરશ્રદ્ધા ને ભગવાન પરનો ભરોસો છતો થાય છે. આવા દુઃખમાં પણ યોબે ઈશ્વર વિરુદ્ધ એક હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નહીં.

યોબે પોતાનાં સંતાનો અને બધી માલમિલકત ગુમાવ્યાં છે અને પછી તે એક ભયંકર રોગનો ભોગ પણ બન્યો છે એવી વાત સાંભળીને એના ત્રણ મિત્રો તેમાનના એલિફાઝ, શૂહ બિલ્દાદ અને નામાના સોફાર એને દિલાસો આપવા માટે મળવા માટે આવે છે. તેઓ યોબને આવા અણધાર્યા દુઃખના કારણો વિશે યહૂદી પ્રજાના પરંપરાગત ખ્યાલો ખૂબ ઠાવકાઈથી સંભળાવ્યા કરે છે.

યોબના મિત્રોનું કહેવું છે કે, યોબે જાણ્યે અજાણ્યે અનેક પાપો કર્યા હોવાં જોઈએ એટલે જ એને આટલાં બધાં દુઃખો ભોગવવાં પડે છે. પણ યોબ એના મિત્રની વાત સાથે સહમત થતો નથી. યોબને પોતાની જીવનશુદ્ધિનું ભાન છે. એટલે પોતાનાં દુઃખને યોબ પોપની સજા તરીકે ગણતો નથી.

યોબના આર્તનાદથી ગ્રંથનો મુખ્ય પદ્ય ભાગ શરૂ થાય છે. યોબ જન્મ્યો હતો તે દિવસને શાપ આપતાં યોબે કહ્યું. "મારા જન્મનો દિવસ હંમેશા માટે લોપાઈ જજો ! એ દિવસ અંધારામાં ડૂબી જજો ! એ દિવસ અંધારામાં ડૂબી જોજ ! ઉપર વસનાર ભગવાન પણ એ દિવસને વીસરી જજો ! એ દિવસ પર પ્રકાશ કદી ન પથરાશો !.. જેને દુઃખમાં જીવવાનું છે તેને ભગવાને પ્રકાશનું દર્શન શા માટે કાર્યું ?... મને સુખચેન નથી, જંપ નથી, નિરાંત નથી, છે કેવળ અશાંતિ."

પછી પોતાના એક મિત્ર અલિફાઝની વાત સાંભળીને યોબ કહે છે. "તમે જે બધું કહ્યું તે મેં પહેલાં પણ સાંભળ્યું છે. જોયું છે. એ બધું હું સમજું છું. જેટલું તમે જાણો છો એટલું હું પણ જાણું છું. હું કંઈ તમારાથી ઊતરતો નથી. સાચા માણસના શબ્દોમાં કેટલું બધું બળ હોય છે ! પણ તમારી દલીલોમાં કશો દમ નથી...

હું ત્રાસી ગયો છું. મારે ઝાઝું જીવવું જ નથી. મને છોડો ! મારી આ જિંદગી એ જિંદગી નથી, જિંદગીનો પડછાયો છે.”

યોબની આ વાત સાંભળીને એના બીજા મિત્ર શૂહના બિલ્દાદે કહ્યું, “તું કયા સુધી આમ બબડ્યા કરીશ ? તારા શબ્દો વંટોળિયા જેવા છે... પણ ઈશ્વર સદાચારીને કદી નહિ તરછોડે અને દુરાચારીનો કદી નહિ સ્વીકારે.” મિત્રને જવાબ આપતાં યોબે કહ્યું, “મને આ બધું શીખવવાની જરૂર નથી. ભગવાન સાથેની તકરારમાં માણસ શી રીતે જીતી શકે ?”

યોબના ત્રીજા મિત્ર નામના સોફારે કહ્યું. “આ બબડાટનો કોઈ ઉત્તર નહિ આપે. તારું મગર તું ઠેકાણે રાખ અને ઈશ્વરનું નામ લે ! ત્યારે યોબે પોતાના મિત્રને કહ્યું,” “હા, તમે લોકો હડાપણનો ભંડાર છો. તમારા મૃત્યુ સાથે ડહાપણ પણ મરી જશે. પણ મારે ઈશ્વર સાથે મોઢામોઢ વાત કરવી છે. મારે એની સાથે વિવાદ કરવો છે.”

વળી, નશ્વર જગની ક્ષણભંગુરતા વિશે યોબૈ કહેલી વાત અહીં ખાસ નોંધવા જેવી છે, “માટીઘડયા માનવીનું જીવન ક્ષણિક અને ક્ષુબ્ધ હોય છે. એ ફૂલની જેમ ફૂટે છે અને ખરી પડે છે. એ પડછાયાની જેમ અલોપ થાય છે.”

ગ્રંથના સંવાદોના અંત ભાગમાં પોતાના મિત્રોના વાદવિવાદોનું ખંડન કરતાં યોબ દલીલ કરે છે કે પોતાનાં દુઃખો પાપની સજા તો ન હોઈ શકે અને યોબ ભગવાન આગળ ફરિયાદ કરે છે અને ન્યાય માટે પોકારે છે. પોતાને દુનિયા આગળ સાચો અને નિર્દોષ શેરવવા ભગવાનને પડકારે છે.

આખરે ભગવાન યોબ સાથે સંવાદ કરે છે. પરંતુ ભગવાન યોબના પ્રશ્નોનો સીધો જવાબ આપતા નથી. ભગવાન સૃષ્ટિમાં પ્રગટ થતી પોતાની અકળ લીલા, પોતાની મહાનશક્તિ અને પોતાના સર્વવ્યાપી જ્ઞાનનું

યોબને ભાન કરવા છે. અંતે યોબ નમતાથી ભગવાનને શરણે થઈને પોતાની મુર્ખાઈ માટે ક્ષમા યાચે છેઃ "હું કબૂલ કરું છું. કે તું ધારે તે બદ્દું જ કરી શકે છે. તારું ધાર્યું કોઈ મિથ્યા કરી શકતું નથી. તે પૂછયું છેઃ મારી ધારણાને વિવેક વગર ચેરનાર એવો તું કોણ ? હું કશુંય સમજ્યા વિના બધું બોલ્યો છું. હું મારા ગજા બહારનું બોલ્યો છું. હવે હું કંઈ બોલ્યો ચાલ્યો છું એની પર મને નફરત થાય છે. મને પસ્તાવો થાય છે, હું ધૂળ અને રાખ માથે ચડાવું છું."

ગ્રંથને અંતે ઉપસંહારમાં યોબ પોતાના મિત્રોને ઠપકો આપે છે. કારણ, તેઓ પોતાના સંકુચિત ધાર્મિક ખ્યાલોમાં પુરાઈ રહેવાથી ભગવાનનાં મહાન કાયોને પામી શક્યા નહોતા. અને છેલ્લે યોબનો પણ ભાગ્યોદય થાય છે અને તે પહેલાં કરતાં પણ વધુ સમૃદ્ધિ પામે છે.

યોબ પાત્રના સર્જકે ધાર્મિક પ્રશ્નોનો ખૂબ સ્વતંત્રરણે વિચાર કરીને મૂળભૂત રીતે ઉચ્ચકોટિના એક ધનિક અને નિષ્ઠાવાન માણસનું સર્જન કર્યું છે. છતાં ક્યાંય સર્જક-લેખની ઓળખાણ મળતી નથી. વિશ્વસાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન ધાવતા યોબ ગ્રંથનું અમર પાત્ર છે.